# પ્રાંતિજના રણછોડપુરામાં નવ-નવ દિવસથી વિદ્યાર્થીઓ શાળામાં આવતા નથી





પ્રાંતિજ, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના રણછોડપુરા પ્રાથમિક શાળાનો વિવાદનો અંત ક્યારે આવશે. શાળાની શિક્ષિકાની બદલીની માંગ સાથે વાલીઓ ગ્રામજનો વિદ્યાર્થીઓને શાળામાં મોકલતા નથી તો નવ નવ દિવસ બાદ પણ શિક્ષણ વિભાગનુ પેટનું પાણી પણ હલતું ના હોય તેવું હાલ તો જણાઇ આવે છે.

રણછોડપુરા ગામે આવેલ પ્રાથમિક શાળાનો વિવાદ નવ-નવ દિવસ બાદ પણ કોઇ ઉકેલ ના આવતા રણછોડપુરા પ્રાથમિક શાળા નવમાં દિવસે પણ બાળકો વિહોણી બની છે. હાલ તો ગ્રામજનો અને વાલીઓની જીદ અને શિક્ષણ વિભાગનો હઠાગ્રહ વચ્ચે રણછોડપુરા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકોના અભ્યાસની સાથે બાળકોના ભાવી ઉપર પણ અસર પડી છે. રણછોડપુરા પ્રાથમિક શાળાની શિક્ષિકા સંગીતાબેન પટેલને લઈને જે વિવાદ છે તે શિક્ષિકા દ્વારા બે દિવસ અગાઉ પ્રાંતિજ તાલુકા શિક્ષણ અધિકારી ટી.કે. વાઘેલાને શાળામાં વિવાદને લઇને તેવોને અન્ય સ્થળે બદલી કરવા માટે લેખિતમાં જાણ કરી છે છતાં પણ જવાબદાર જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા હાલ તો પેટનું પાણી પણ હલતું નથી. બીજી બાજુ બાળકોના અભ્યાસની સાથે પરીક્ષાઓ પણ સીરે ચઢીને આવી છે ત્યારે બાળકોના અભ્યાસની સાથે ભાવી ઉપર પણ અસર પડે તો નવાઇ નહી, ત્યારે હાલ તો ગ્રામજનો વાલીઓની જીદ અને તંત્રની હઠાગ્રહ વચ્ચે બાળકોના અભ્યાસ બગડે છે. રણછોડપુરા પ્રાથમિક શાળાની શિક્ષિકાબેને લેખિતમાં બદલીની અરજી બાદ પણ હાલ તો તંત્રની સુસ્તી ઉડી ના હોય તેવું હાલ તો જણાઇ આવે છે.

# કડી ખાતે એક માસ પહેલા થયેલી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલતી એલસીબી પોલીસ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર એલસીબી પોલીસ મથકના પીએસઆઇ એમ.જે.શીંદે પોતાની ટીમના જવાનો સાથે કલોલ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન સાથે રહેલા હે.કો.જયવીરસિંહ અને દિગ્વિજયસિંહને બાતમીને આધારે કલોલ સેન્ટ ઝેવિયર્સ સ્કુલ પાસેથી ઈકો ગાડી નં જી.જે.૧૮.બી.ઈ.-૮૪૮૬માંથી મહેશકુમાર રામજીભાઈ પ્રજાપતિ અને નવીનજગાજી ચૌહાણ બંન્ને રહે. કડી.જી.મહેસાણાને શંકમંદ હાલતમાં પકડી પાડ્યા હતા. પોલીસે ઈકો કારમાંથી બે એલસીડી ટીવી તથા રીમોટ તેમજ રોકડ રકમ સાથે પકડી પાડ્યા હતા.

એલસીબી પોલીસે બંન્ને ઈસમોની મુદ્દામાલ અંગે પુછપરછ કરતા તેઓએ તેમજ પોતાના મિત્ર દાદુભા ડાહ્યાજી ઠાકોર કટોસણ એમ ત્રણેય જણાએ ભેગા મળીને એકાદ માસ અગાઉ રાત્રીના સમયે નાની કડી ખાતે આવેલ એજ જીનીંગ મીલ ફેક્ટરીની ઓફિસનું તાળુ તોડીને બે એલસીડી, રોકડ રૂ. ૨૫૦૦૦ની ચોરી કરી હતી. પોતાનો સાથી દાદુભા ગેરકાયદેસર હથિયાર સાથે ઝડપાઈ જતા ગભરાઈને બંન્ને ઈસમો ચોરીના એલસીડી વેચવા માટે કલોલ લઈને આવ્યા હતા. ચોરીના ગુના અંગે ખાતરી કરતા મહેસાણાના કડી ખાતે ગુનો નોંધાયો હતો.

# અરવલ્લીમાં મહાશિવરાત્રી પર્વની ભક્તિભાવપૂર્વક ઉજવણી

**શિવાલયો ઓમ નમઃ શિવાય નાદથી ગુંજી ઉઠ્યા : લોકમેળામાં હજારો લોકો ઉમટ્યા**

મોડાસા, તા. ૪

અરવલ્લી જીલ્લામાં મહાશિવરાત્રીનો પર્વ સોમવારે હોવાથી શિવના પ્રિય દિવસે ભક્તોમાં બેવડો ઉત્સાહ વર્તાયો હતો. શિવભક્તિમાં ભક્તો લીન બન્યા હતા. જીલ્લાના તમામ શિવાલયોમાં ભગવાન ભોળાનાથના દર્શનાર્થે વહેલી સવારથી ભક્તોની ભીડ ઉમટી હતી. જીલ્લાના શિવાલયો ઓમ નમઃ શિવાય, હર હર મહાદેવ, બમ બમ ભોલેના નાદથી ગુંજી ઉઠ્યા હતા. શિવજીને રીઝવવા માટે શિવાલયોમાં બિલ્વપત્ર, દૂધ, ગંગાજળ, મધ અને પંચામૃતથી શિવલિંગ ઉપર અભિષેકથી વિશેષ પૂજામાં શિવભક્તો ભક્તિભાવથી જોડાયા હતા. મોડાસા શહેરના ગેબીનાથ મહાદેવ મંદિરમાં ઘી માંથી બનાવેલ શંકરજીની પ્રતિમાએ લોકોમાં અનેરું આકર્ષણ પેદા કર્યું હતું. માલપુરના ભવનાથ મંદિરે, મોડાસાના કાશીવિશ્વનાથ મહાદેવ મંદિર અને સાકરીયા ગામમાં સાંકળેશ્વર મહાદેવ મંદિરેથી ભજન કીર્તન સાથે પાલખીમા બિરાજમાન શિવજીની શોભાયાત્રા નગરમાં ફેરવવામાં આવી હતી.



વૈરાગ્ય મૂર્તિ છતાં પણ સદાપ્રસન્ન-આનંદ મગ્ન ભભૂતિ, રુદ્રાક્ષ અને ભુજંગનો શણગાર, જટાધારી, મસાણમાં વાસ, ધ્યાનસ્થ હોય ત્યારે મહાયોગી અને નૃત્ય કરે ત્યારે નટરાજ માયાથી પર પણ કુબેરને ભંડારના દેવોના દેવ અને ભક્તોના તારણહાર ભોલેનાથ શિવનો પૃથ્વી પરનો પ્રાગટ્ય દિવસ મહા માસની ૧૩મી તિથિ એટલે મહાશિવરાત્રી. પર્વમાં જાણે જીલ્લાના શિવાલયો કૈલાશ બન્યા હોય તેવો આધ્યાત્મિક માહોલ જોવા મળ્યો હતો. જીલ્લાના તમામ શિવાલયોને દેવાલયો શંખ,ડમરુ અને હર હર મહાદેવના નાદથી ગૂંજ્યા હતા. મોડાસા શહેરના ગેબીનાથ મહાદેવ, ઉમેદપુરના સ્વયંભૂ ખંડુજી મહાદેવ અને શામપુરના કુંઢેરા મહાદેવ ખાતે ભરાતા પરંપરાગત મેળામાં માનવમહેરામણ ઉમટ્યું હતું.

મોડાસા શહેરના માઝુમ નદીના કિનારે આવેલા અતિ પ્રાચીન શ્રી કાશીવિશ્વનાથ મહાદેવ મંદિરથી મોડાસા ચૌર્યાસી બ્રાહ્મણ સમાજ એકલિંગજી મિત્ર મંડળ દ્વારા બપોરે ત્રણ કલાકે ભવ્યાતિભવ્ય ભોળાનાથજી પાલખીની શોભાયાત્રાનું આયોજન શિવ શહેરમાં ભક્તોને દર્શન આપવા નીકળતા ભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. માલપુર, સાકરીયા, લીંભોઇ નગરમાં ભગવાન શિવની ભવ્યાતિભવ્ય શોભાયાત્રા નીકળી હતી. કેટલાક સ્થળોએ શિવપુરાણ કથા પણ યોજાઈ હતી. રાત્રી દરમિયાન ભજન-કીર્તન સહીત વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.

# અરવલ્લીના ભિલોડામાં સંવિધાન બચાવો સંઘર્ષ સમિતિના રાષ્ટ્રવ્યાપી આંદોલનના સમર્થનમાં સજ્જડ બંધ




ભિલોડા, તા. ૫

તાજેતરમાં બીજેપી સરકાર દ્વારા બંધારણમાં ફેરફાર કરી આર્થિક રીતે કમજોર સ્વર્ણ સમાજ અને દરેક ભારતીયને ૧૦ ટકા અનામત ખરડો પસાર કરવાની સાથે સંશોધનના નામે બંધારણમાં છેડછાડ કરવામાં આવતા અને સુપ્રીમકોર્ટે આદિવાસી સમાજને જંગલ ખાલી કરવાના ચુકાદાના પગલે ૫ માર્ચે સંવિધાન બચાવો સંઘર્ષ સમિતિના રાષ્ટ્રવ્યાપી અપાયેલા ભારત બંધન આંદોલનમાં અરવલ્લી જીલ્લામાં ભિલોડામાં સજ્જડ બંધ રાખી સમર્થન આપવામાં આવ્યું હતું. ભિલોડા પોલીસે બંધના એલાન દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત બંદોબસ્ત અને સઘન પેટ્રોલિંગ હાથ ધર્યું હતું. જીલ્લાના મોડાસા, બાયડ, માલપુર, મેઘરજ, ધનસુરા તાલુકાના બજારો રાબેતા મુજબ ખુલ્લા રહ્યા હતા.

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં સંવિધાન બચાવો સંઘર્ષ સમિતિ દ્વારા ૫ માર્ચે આપવામાં આવેલા ભારત બંધના એલાનમાં ભિલોડામાં સંઘર્ષ સમિતિના સદશ્યો દ્વારા વહેલી સવારે બજારોમાં ફરી ભારત બંધના એલાનને સમર્થન આપવા વેપારીઓને આગ્રહ કરતા વેપારીઓએ બજાર બંધ રાખી સમર્થન અપાતા ભિલોડા શહેરમાં અભૂતપૂર્વ બંધને સફળતા મળી હતી. જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેર સહીત જીલ્લાના તાલુકા મથકોએ અને ગ્રામ્ય વિસ્તારોમાં જનજીવન પૂર્વરત રહ્યું હતું ભિલોડામાં સજ્જડ બંધના પગલે તાલુકાના પ્રજાજનોને કામકાજ ખોરવાયા હતા.

# જિલ્લામાં સ્વાઇન ફલુના ૧૨૯ કેસ નોંધાયા : ૨૧ દર્દીઓ સારવાર હેઠળ

હિંમતનગર, તા. ૫

સાબરકાંઠા જિલ્લામાં દિનપ્રતિદિન સ્વાઈન ફલુનો રોગ ભરડો લઈ રહ્યો છે. ત્યારે રવિવાર સુધીમાં જિલ્લામાં તેના ૧૨૯ કેસ નોંધાયા છે એટલે કે છેલ્લા બે દિવસમાં વધુ છ કેસનો ઉમેરો થયો છે. જે પૈકી ૨૧ દર્દીઓ વિવિધ હોસ્પિટલોમાં સારવાર હેઠળ છે. જ્યા તેઓની તબિયત સુધારા પર હોવાનો આરોગ્ય વિભાગનો દાવો છે.

આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનીષ ફેન્સીના જણાવાયા મુજબ તા. ૧ માર્ચ ૨૦૧૯ના રોજ સાબરકાંઠા જિલ્લામાં સ્વાઈનફલુના દર્દીઓની સંખ્યા ૧૨૩ હતી. ત્યારબાદ તા. ૩ અને ૪ ના રોજ તેમાં વધુ છ દર્દીઓ ઉમેરાયા છે. રવિવારે તેનો આંક ૧૨૯ પર પહોંચ્યો છે ત્યારે તેમાં હિંમતનગર અને તલોદ તાલુકાના એમ બે દર્દીઓનો સમાવેશ થાય છે. દરમિયાન છેલ્લા કેટલાક દિવસથી જિલ્લાની વિવિધ હોસ્પિટલોમાં સારવાર લઈ રહેલા ૨૧ દર્દીઓને સમયસરની સારવાર મળી રહેતા તેઓની તબિયત સુધારા પર છે.

ઉલ્લેખનીય છે કે આગામી દિવસોમાં જેમ ગરમીનું પ્રમાણ વધશે તેમ આ રોગનું પ્રમાણ નીચુ આવી જશે તેમ છતાં લોકોએ પોતાના આરોગ્યની દરકાર રાખીને જો તાવ અથવા શરદી ઉધરસ તથા હાથપગ દુઃખે તો વિના વિલંબે તબિબ પાસે જઈને નિદાન કરાવવું જોઈએ.

# સાબરકાંઠામાં શિવરાત્રીની ભવ્યાતિભવ્ય ઉજવણી

હિંમતનગર, તા. ૫

સાબરકાંઠા જિલ્લામાં મહાશિવરાત્રીના પર્વ નિમિત્તે સોમવારે અનેક શિવાલયોમાં મહાપુજા તથા ચાર પ્રહરની પૂજા ચાલતી હોવાને કારણે અનેક શિવાલયો બમબમ ભોલેના નાદથી ગૂંજી ઉઠ્યા હતા. હિંમતનગર સહિત જિલ્લાના અનેક ઠેકાણે મહાશિવરાત્રીના ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેને લઈને બજારોમાં પણ લોકોની ચહલપહલ ઓછી રહેવા પામી હતી. ઉપરાંત રાત્રે અનેક શિવાલયોમાં ભજન સત્સંગના કાર્યક્રમોનું આયોજન કરાયું હતું.



શિવરાત્રી નિમિત્તે હિંમતનગરના ભોલેશ્વર, ઝરણેશ્વર તથા કાશીવિશ્વનાથ મંદિરમાં પણ પૂંજાનું આયોજન કરાયુ હતુ. અનેક શિવાલયોમાં ચાર પ્રહરની પૂજા પણ સંપન્ન થઈ હતી. ઉપરાંત બેરણા, રાયગઢ, વિજયનગરના શારણેશ્વર, વિરેશ્વર તથા વડાલી, ખેડબ્રહ્મા અને પોશીનાના પંથકમાં આવેલ શિવાલયોમાં અનેક શિવભક્તોએ પુજાનો લાભ લઈ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

પ્રાંતિજના માર્કન્ડેશ્વર મહાદેવ દ્વારા શિવપરિવારની શોભાયાત્રા કાઢવામાં આવી હતી તેજ પ્રમાણે તાલુકાના વદરાડ ગામે આવેલ સ્વયંભૂ કાટકેશ્વર મહાદેવ ખાતેથી ગ્રામજનો દ્વારા શોભાયાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ શોભાયાત્રા ગામમાં ફરીને કાટકેશ્વર મહાદેવ ખાતે પરત આવી સંપન્ન થઈ હતી. તેજ પ્રમાણે તલોદ તાલુકામાં પણ આવેલા અનેક શિવાલયોમાં મહાશિવરાત્રીની ઉજવણી કરાઈ હતી તથા અનેક ઠેકાણે લોકમેળો પણ ભરાયો હતો.

શિવરાત્રીને કારણે સોમવારે જાહેર રજા હોવાથી સરકારી અને ખાનગી કચેરીઓમાં રજા હોવાથી બજારોમાં પણ લોકોની ચહલપહલ ઓછી રહેવા પામી હતી. હિંમતનગર સહિત જિલ્લાના અનેક ઠેકાણે શિવરાત્રી પર્વને ધ્યાનમાં રાખી શિવાલયોમાં ફરાળી પ્રસાદનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેના ભાગરૂપે હિંમતનગર તાલુકાના નવા ગામે વિશ્વ શાંતિ માટે ત્રિદિવસીય લક્ષ્મીનારાયણ શિવજી મહાયજ્ઞનું આયોજન કરાયુ હતુ. જેમાં આચાર્યોએ વિધિવિધાન સાથે મંત્રોચ્ચાર કર્યા હતા.

**બેરણામાં ૧૭ વર્ષથી અનોખી રીતે શિવરાત્રી ઉજવાય છે**

હિંમતનગર પાસે આવેલા બેરણા ગામે છેલ્લા ૧૭ વર્ષથી શિવરાત્રીના દિવસે ૫૧ ફૂટ ઉંચી સહસ્ત્રલિંગ શિવજીની પ્રતિમા આગળ સવામણ રૂની દિવેટ પ્રજવલિત કરાય છે અને તેમાં વિશ્વશાંતિ અને લોક કલ્યાણ માટે ઉપસ્થિત શિવભક્તો પ્રાર્થના કરે છે. આ દિવસે અહીં માનવ મહેરામણ ઉમટે છે. તેજ પ્રમાણે રાયગઢમાં આવેલ શિવાલયમાં આ વર્ષે શિવરાત્રીના દિવસે ઘીમાંથી શિવલિંગની પ્રતિકૃતિ બનાવાઈ હતી. જેનો અનેક ભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# માલપુરના ભેમપુર નજીક આઈસરે બાઈકને ટક્કર મારતા ૨ યુવકોના ઘટના સ્થળે મોત

મોડાસા, તા. ૫

મહાશીવરાત્રી પર્વના સાંજના સુમારે મોડાસાથી માલપુર તરફ જઈ રહેલા બાઈકને ભેમપુર નજીક તખતગઢ કોલેજ સામે પાછળથી યમદૂત બની ત્રાટકેલી આઈસર ટ્રકના ચાલકે ધડાકાભેર ટક્કર મારતા બાઈક ચાલક અને પાછળ બેઠેલ બંને યુવકો રોડ સાઈડ ખાડામાં ખાબકતા બંને યુવકોનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. અકસ્માતના પગલે દોડી આવેલી માલપુર પોલીસે ઘટનાસ્થળે પહોંચી બંને મૃતક યુવાનના મૃતદેહને માલપુર સરકારી દવાખાને ખસેડી અકસ્માત સર્જી ફરાર આઈશર ટ્રકના ચાલકને ઝડપી પાડવા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. અકસ્માતના પગલે માલપુર સરકારી દવાખાને દોડી આવેલા પરિવારજનોએ ભારે આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી.



શામળાજી-ગોધરા રાજ્યધોરી માર્ગ પર આઈશર ટ્રક ચાલકની બેદરકારીના લીધે બે યુવકોના મોત નિપજતા ભારે ગમગીની છવાઈ હતી. મહીસાગર જીલ્લાના કડાણા તાલુકાના બચકરીયા ગામના રણજિતભાઈ (ઉં.વર્ષ-૨૫) અને કાળુભાઈ (ઉં.વર્ષ-૩૪) મોડાસા કામકાજ અર્થે આવી પરત વતન તરફ બાઈક લઈ તખતગઢ બીએડ કોલેજ પાસેથી પસાર થતા હતા ત્યારે પાછળથી આઈસર ટ્રકના ચાલકે બેફિકરાઈભરી રીતે પુરઝડપે હંકારી બાઈકને પાછળથી ટક્કર મારતા બંને યુવકો આઈશરની ટક્કરે ગંભીર ઈજાગ્રસ્ત થવાની સાથે રોડ નજીક ખાડામાં ખાબકતા બંને યુવકોના ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું.

અકસ્માત સર્જી આઈશર ટ્રકનો ચાલક ટ્રક સાથે ફરાર થઈ ગયો હતો અકસ્માતની ઘટનાના પગલે આજુબાજુથી દોડી આવેલા ગ્રામજનોએ અકસ્માતની ઘટનાની જાણ માલપુર પોલીસ સ્ટેશને કરતા માલપુર પોલીસ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી બંને મૃતકની મૃતદેહને પીએમ માટે ખસેડી ભીખાભાઈ મણિયાભાઈ ડામોર (રહે,બચકરીયા જીલ્લો, મહીસાગર)ની ફરિયાદના આધારે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી ફરાર આઈશર ટ્રકના ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## ઉત્કર્ષ માટે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લીલીછમ થઈ જશે એટલું જ નહીં ઈમારતી લાકડું આપણે આયાત પણ નહીં કરવું પડે.

લેઉવા પાટીદાર સમાજનો ઈતિહાસ ગૌરવવંતો છે, પ્રગતિમાં આ સમાજનું વિશેષ યોગદાન છે, એમ કહીને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ કહ્યું હતું કે, અમુલ ડેરીનો આરંભ કરાવનાર લેઉવા પટેલો હતા. આ સમાજે સરદાર વલ્લભભાઇ પટેલ જેવા સપૂતો આપ્યા છે. આજે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' સામે આખી દૂનિયાએ માથું ઉંચુ કરીને જ જોવું પડે છે, એમ કહીને તેમણે અન્નપૂર્ણાધામના ટ્રસ્ટીઓને અનુરોધ કર્યો હતો કે ખેડૂતોને ખેતપેદાશોનું વધુ મૂલ્ય મળે અને ખેત પદ્ધતિમાં સુધારો થાય એ રીતે ફૂડ પ્રોસેસીંગ પ્રોજેકટનો પ્રારંભ કરવો જોઇએ. શેરથાના મરચાંનો ઉલ્લેખ કરીને તેમણે કહ્યું કે, ફૂડ પ્રોસેસીંગ ક્ષેત્રે આમુલ પરિવર્તન આવશે તો ખેડૂતો આર્થિક રીતે વધુ સમૃદ્ધ બનશે.

કણમાંથી મણ કરનારા ખેડૂતપુત્રો વચ્ચે આવવાનો અવસર અનેરો છે. તેમણે 'જય જવાન જય કિસાન' કહીને બન્નેના મૂલ્યની વાત કરતાં કહ્યું કે, જવાનો દેશેને સુરક્ષા પૂરી પાડે છે તો કિસાનો અન્ન સુરક્ષાની જવાબદારી નિભાવે છે. તેમણે મૂળ પંચતત્વને ધ્યાને લઇને નિર્માણ પામેલ મંદિરથી આવતીકાલ વધુ ઉજાગર થશે એમ કહીને રામચરિત માનસના દોહાનો ઉલ્લેખ કર્યો હતો.

અન્નપૂર્ણા ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી નરહરી અમીને સ્વાગત પ્રવચન કરતાં કહ્યું કે, લેઉવા પટીદાર સમાજના આરાધ્ય દેવી અન્નપૂર્ણા ધામ અડાલજમાં નવનિર્મિત વિશ્વના પ્રથમ પંચતત્વ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના હસ્તે થયો તે સૌ સમાજ માટે ગૌરવ સમાન છે. તેમણે ઉમેર્યું કે, અન્નપૂર્ણા ધામ ખાતે ૬૦૦ વિદ્યાર્થીઓ રહી શકે એવું છાત્રાલય, ભોજનાલય, લાયબ્રેરી ફોટોગેલેરી, સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીક કેન્દ્રો તેમજ રહેવા માટેના રૂમોનું ખાતમુહૂર્ત પણ વડાપ્રધાને કર્યું છે. જેના કામો આગામી જૂન-૨૦૨૦ પહેલા પૂર્ણ કરીશું અને તેનું લોકાર્પણ પણ આપ વડાપ્રધાન તરીકે કરો એવી શ્રદ્ધા તેમણે વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો અને મુખ્ય દાતાઓનું સમાજના શ્રેષ્ઠીશ્રીઓના હસ્તે સરદાર પટેલના મોમેન્ટો, માં અન્નપૂર્ણાના સ્મૃતિચિન્હ તથા પુષ્પગુચ્છથી સન્માન કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું.

શ્રી અન્નપૂર્ણા ટ્રસ્ટ, અડાલજ દ્વારા આયોજીત સમાજના આરાધ્ય દેવી મા અન્નપૂર્ણાના નવનિર્મિત વિશ્વના પ્રથમ પંચતત્વ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા તેમજ વિદ્યાર્થીઓ માટેના છાત્રાલય-શિક્ષણ સંકુલનના ખાતમુહૂર્ત પ્રસંગે ગુજરાતનાં રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલી, મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલ, પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઇ પટેલ, કેન્દ્રીયમંત્રી મનસુખભાઇ માંડવીયા, જીતુભાઇ વાઘાણી સહિત મંદિર અને શિક્ષણ ભવનના મુખ્યદાતા કરશનભાઇ પટેલ, પંકજભાઇ પટેલ, હરેશભાઇ રવજીભાઇ વસાણી સહિત સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## મસુદના ભાઈ સહિત...

● પહેલા પાનાનું ચાલુ

કાર્યવાહી કરવામાં આવી રહી છે. પાકિસ્તાને સોમવારના દિવસે જ વ્યક્તિગતો અને સંગઠનો સામે સંયુક્ત રાષ્ટ્રના ઠરાવને અમલી કરવા માટેની તૈયારી દર્શાવી હતી. વિદેશ કચેરીના પ્રવક્તા મોહમ્મદ ફૈઝલે કહ્યું છે કે, સરકારે દેશમાં ઓપરેટ થઈ રહેલા તમામ પ્રતિબંધિત સંગઠનોની સંપત્તિને જપ્ત કરી લીધી છે. જો કે, વિતેલા વર્ષોમાં પણ પાકિસ્તાને આ પ્રકારની કાર્યવાહી આંતરરાષ્ટ્રીય સમુદાય સમક્ષ ઝુંકીને કરી છે પરંતુ પાકિસ્તાનમાં આતંકવાદીઓ સક્રિય રહ્યા છે. આતંકવાદીઓ સામે કાર્યવાહીના બહાને વિશ્વને ગેરમાર્ગે દોરવાના પાકિસ્તાનના પ્રયાસો જારી રહ્યા છે.

## સસ્પેન્ડ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મેજિસ્ટ્રેટ કોર્ટે ૨ વર્ષ ૯ મહિનાની સજા ફટકારી છે. આમ કોંગી ધારાસભ્યને સજા મળતા કોંગ્રેસમાં પણ ચુકાદાને લઈ ઘેરા પ્રત્યાઘાત સામે આવ્યા હતા. સુપ્રીમ કોર્ટે ૨૦૧૩માં આપેલા ચુકાદા મુજબ, ૧૯૫૧ની લોક પ્રતિનિધિત્વ ધારાની કલમ ૮(૩) મુજબ કોઈપણ ચૂંટાયેલા પ્રતિનિધિને કોઈ પણ કેસમાં બે વર્ષથી વધુ સજા મળે તો તેને ગેરલાયક ઠેરવી શકાય છે. જો કે, સુપ્રીમ કોર્ટે સાંસદ કે ધારાસભ્યની સજા પર સ્ટે આપ્યો હોય તો તે ગૃહની કાર્યવાહીમાં ભાગ લઈ શકે છે, પણ જો સ્ટે ન આપ્યો હોય તો તે ગેરલાયક ઠરે છે.

ઉલ્લેખનીય છે કે, સુપ્રીમ કોર્ટ સાંસદો કે ધારાસભ્યો સામેના ક્રિમિનલ કેસોમાં ભાગ્યે જ સ્ટે આપે છે. ભગવાન બારડ સસ્પેન્ડ થતાં વિધાનસભામાં હવે કોંગ્રેસના ૭૪ ધારાસભ્ય જ રહ્યા છે. ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસે ૭૭ બેઠકો જીતી હતી. આ પહેલા કુંવરજી બાવળિયા અને ડો.આશા પટેલ કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાતા કોંગ્રેસની ધારાસભ્યોની સંખ્યા ૭૪ પર આવી ગઈ છે. આમ ઉંઝા અને તલાલાની બેઠકો ખાલી પડતા હવે પેટાચૂંટણી કરવી પડશે. હાલ વિધાનસભામાં ભાજપ-૧૦૦, કોંગ્રેસ ૭૪, એનસીપીને એક, બીટીપી બે અને અપક્ષ ત્રણ સહિત ૧૮૦ ધારાસભ્યો રહ્યા છે.

## જવાબી કાર્યવાહી...

● પહેલા પાનાનું ચાલુ

આવેલા આત્મઘાતી હુમલામાં સીઆરપીએફના ૪૦ જવાનો શહીદ થયા હતા. ત્યારબાદ બાલાકોટમાં ભારતે હવાઈ હુમલા કર્યા હતા. બીજી બાજુ આજે સંરક્ષણમંત્રી નિર્મલા સીતારામને કહ્યું હતું કે, ભારતીય હવાઈ દળ દ્વારા જે જગ્યાએ હુમલા કરવામાં આવ્યા હતા તે હુમલા લશ્કરી પગલારુપે ન હતા પરંતુ આતંકવાદી સામે કાર્યવાહી હતી. મિલિટ્રી એક્શન તરીકે ભારતે કાર્યવાહી કરી ન હતી. કારણ કે, આમાં કોઇ નાગરિકોને નુકસાન થયું ન હતું. સીતારામને આજે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, વિદેશ સચિવ વિજય ગોખલે દ્વારા હવાઈ હુમલામાં કોઇ ખુવારીના આંકડા આપ્યા ન હતા. તેઓએ માત્ર નિવેદન આપ્યું હતું. જેનાથી સરકારની સ્થિતિ સ્પષ્ટ થઇ હતી.

## પાકનો ગોળીબાર...

● પહેલા પાનાનું ચાલુ

હતો. અખનુરમાં પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં બે જવાનો ઘાયલ થયા હતા. સુત્રોએ કહ્યુ છે કર પુંચ અને રાવલકોટ વચ્ચે બસ સર્વિસ ફરીથી બંધ કરી દેવામાં આવી છે. ૨૬મી ફેબ્રુઆરીના દિવસે પાકિસ્તાનમાં ઘુસીને ભારતે ત્રાસવાદી અડ્ડાઓ પર જોરદાર બોંબ ઝીંકયા બાદ પાકિસ્તાન દ્વારા સરહદ પર ગોળીબાર જારી રાખવામાં આવ્યો છે. પાકિસ્તાન સરહદ પર ગોળીબાર જારી રાખીને ત્રાસવાદીઓને ઘુસાડી દેવાના પ્રયાસ કરે છે. પાકિસ્તાની સેનાએ જમ્મુ કાશ્મીરના અખનુર સેક્ટરમાં અંકુશ રેખા ખાતે અગ્રીમ ચોકીઓ અને ગ્રામીણ વિસ્તારોને ટાર્ગેટ બનાવીને ગઇકાલે પણ જોરદાર ગોળીબાર કર્યો હતો. વહેલી પરોઢે ગોળીબારની શરૂઆત કરવામાં આવ્યા બાદ સવાર સુધી ગોળીબાર જારી રહ્યો હતો. સંરક્ષણ પ્રવકતાએ કહ્યુ હતુ કે મોર્ટાર શેલ અને નાના હથિયારો મારફતે પાકિસ્તાની સેનાએ ઉશ્કેરણીવગર ગોળીબાર કર્યો હતો. પ્રવકતાએ કહ્યુ છે કે ભારતીય સેનાએ જોરદાર જવાબી કાર્યવાહી કરી હતી. પાકિસ્તાનના ગોળીબારમાં ભારતના પક્ષને કોઈ નુકસાન થયુ નથી. શનિવારના દિવસે રાજૌરી જિલ્લામાં નૌશેરા ખાતે સરહદ પારથી ગોળીબાર કરવામાં આવ્યા સિવાય શુક્રવારના દિવસે ગોળીબાર કરવામાં આવ્યો ન હતો.

## હું આતંકીઓ પર...

● પહેલા પાનાનું ચાલુ

નહીં. તેમ તેમણે ચોકીદાર ચોકન્ના છે તેમ જણાવીને ઉમેર્યુ હતું. હું એવો ચોકીદાર છું કે, મારા લીધે વચેટીયાઓ આકુળ-વ્યાકુળ બનીને 'મોદી હટાવો' ની ઝુંબેશ ચલાવે છે પણ દેશના જન-જનનાં આશિર્વાદ મારી સાથે છે અને તેના લીધે જ આ ચોકીદાર શ્રમિકોની સેવા માટે ખડે પગે ઉભો છે. તેમનો એક માત્ર ધ્યેય મોદી હટાવવાનો છે. તેઓ મોદી પર સ્ટ્રાઇક કરવા કટિબધ્ધ છે પરંતુ મોદી આતંકવાદ પર સ્ટ્રાઇક કરવા કટિબધ્ધ છે તેમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. મોદીએ વધુમાં જણાવ્યું હતું કે, આજે આ યોજનામાં ૧૪.૫૦ લાખ લોકો જોડાયા છે.

## બેઠક વ્યવસ્થા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તૈયારી કરી દેવામાં આવી છે. પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે પુરતી તકેદારી રાખવા માટે પણ આયોજન કરાયુ છે. જ્યારે બોર્ડની પરીક્ષા પુર્વે અલબત્ત તા ૬ માર્ચના રોજ પરીક્ષાર્થીઓ પોતાની બેઠક વ્યવસ્થા જોઈ શકશે. વિદ્યાર્થીઓ પોતની હોલ ટીકીટના આધારે બેઠક વ્યવસ્થા જોઈ શકે તે માટે બુધવારે બપોરે ૨ : ૩૦ થી ૫ કલાકે દરેક શાળા સંચાલકોને સુચના આપવામાં આવી છે. જ્યારે વિદ્યાર્થીઓ પોતાના નંબર જોઈ શકે તે માટે આ પુર્વે દરેક શાળાની બેંચ પર તેમના નંબરો પણ લખાઈ જશે. પરીક્ષાના દિવસે પરીક્ષાર્થીઓનો સમય ન બગડે તે માટે આ ખાસ વ્યવસ્થા આગળના દિવસે જ પ્રતિવર્ષ ગોઠવવામાં આવે છે.

## બાજ નજર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જ્યારે આ દરમિયાન આ વર્ષે જે ઠેકાણે બોર્ડ પરીક્ષાના પ્રશ્નપત્રો તેમજ ઉત્તરવહીઓ જ્યાં રાખવામાં આવે છે તેવી ઝોનલ ઓફિસોમાં પણ સી સી ટી વી કેમેરા લગાવી દેવાયા છે. સે-૧૨,૧૬ ,૨૭ અને સે-૨૯ની સરકારી શાળાઓમાં સી સી ટી વી કેમેરા લગાવી દેવાયા છે. ઝોનલ કચેરીમાં પણ વધુ પારદર્શક કામગીરી થઈ શકે તે માટે આ આયોજન કરાયુ છે.